રજૂ તારીખ : ૩૧–૦૩–૨૦૧૬
દાખલ તારીખ : ૩૧–૦૩–૨૦૧૬
ફેંસલ તારીખ : ૦૧–૧૦–૨૦૨૧
અવધિ : વર્ષ–માસ– દિન

નવસારી જિલ્લાનાં **મુખ્ય સત્ર ન્યાયાલય** સમક્ષ, મુકામ: નવસારી.

**સેશન કેસ નંબર: ૧૬/૨૦૧૬**

આંક:

ફરિયાદી: નામદાર સરકાર.

વિરુદ્ધ

આરોપી:(૧) પ્રમોદ ઉર્ફે પમલો અમરતભાઈ ધો.પટેલ,
(૨) કોકીલાબેન તે
પ્રમોદ ઉર્ફે પમલો અમરતભાઈ ધો.પટેલની પત્ની,
બંને રહેવાસી: ઘેલખડી, ભીમનગર,
કાંતાબેનના ભાડાના મકાનમાં, તા.જિ.નવસારી.

ફરિયાદી તરફે વિદ્વાન પી.પી.શ્રી ટી.સી. સુળે

આરોપી નં.૧ તરફે વિદ્વાન વકીલશ્રી બી.જે. મોરાવાલા

ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૨૦૧ તથા સાથે વાંચતા કલમ– ૧૧૪ અન્વયે.

## ચુકાદો

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, નવસારી ટાઉન પોલીસ ઈન્સ્પેકટરશ્રી જે.એન. પંચાલનાઓ રૂબરૂ તા.૪–૧૧–૨૦૧૫નાં રોજ નવસારીના ઘેલખડી, ભવાનીનગરમાં જીજાબેન કચરૂભાઈ પાટીલના મકાનમાં રહેતા હંસાબેન તે જયરામભાઈ મેઘજીભાઈ કટારિયાની વિધવાનાંએ ફરિયાદ લખાવ્યા મુજબ, તેણીના લગ્ન જયરામભાઈ મેઘજીભાઈ કટારિયા સાથે થયેલા અને સંતાનમાં ત્રણ છોકરા દિવ્યેશ, અજય તથા કરણ અવતરેલા છે. તા.૪–૧૧–૨૦૧૫ના રોજ તેણી અને તેનો વચલો છોકરો અજય તથા છેલ્લો છોકરો કરણ ઘરે હતા; સાંજે સવા પાંચ વાગ્યે છોકરો અજય ફળિયામાં રમવા ગયેલો, ત્યારે ઘેલખડી મિશ્ર શાળા નં.૮ની પાછળ નિશાળ ફળિયામાં રહેતા આરોપી પ્રમોદભાઈ ઉર્ફે પમલો અમ્રતભાઈ ધો.પટેલનાએ તેણીના ઘર આગળ આવીને તેણીને પૂછેલ કે, ''તારા પતિ જયરામભાઈ ઘરે છે'', ત્યારે તેણીએ કહેલ કે, ''ઘરે નથી શું કામ છે''. ત્યારે આરોપી પ્રમોદભાઈએ કહેલ કે, ''મારા પાસેથી ઉછીના પૈસા રૂપિયા સો લીધેલ છે તે આપતો નથી એટલે માંગવા આવેલ છું'' તેમ કહીને આરોપી પ્રમોદભાઈ ગમે તેમ ગાળો બોલવા લાગેલ ત્યારે તેણીએ તથા બાજુમાં રહેતા શાહેદ લક્ષ્મીબેન ક્રિષ્ણાભાઈ બતુલનાઓએ આરોપી પ્રમોદભાઈને, ''ગમે તેમ ગાળો ન બોલ'', એમ કહેતાં; આરોપી પ્રમોદભાઈ તેના ઘર તરફ જતો રહેલ અને થોડી જ વારમાં તેની પત્ની આરોપી

કોકીલાબેન સાથે આવેલા અને આરોપી કોકીલાબેને કહેલ કે, ''તારા પતિએ મારા પતિ પાસેથી સો રૂપિયા ઉછીના લીધેલ છે તે કેમ આપતો નથી'', ત્યારે તેણીએ કોકીલાબેનને કહેલ કે, ''આ અંગે મને કોઈ ખબર નથી, મારા પતિ આવશે ત્યારે તમો વાત કરજો'', એમ વાત કરતાં કોકીલાબેન તેણીને પણ ગમે તેમ ગાળો બોલવા લાગેલ. આ વખતે તેણીના પતિ જયરામભાઈ શાકભાજી માર્કેટ તરફથી ઘરે આવેલા ત્યારે તેણીના પતિએ આરોપી પ્રમોદભાઈને, ''તૂ પૈસા લેવા માટે ઘરે શું કામ આવેલ છે, તારા પૈસા રૂપિયા સો હું તને આપી દેતે'' એમ કહેતા, આરોપી પ્રમોદભાઈ અને આરોપી કોકીલાબેનનાઓએ જયરામભાઈ સાથે બોલાચાલી ઝઘડો કરીને ગુસ્સામાં આવી જયરામભાઈને પકડી હાથ વડે માર મારવા લાગેલા અને જયરામભાઈને થોડે આગળ લાઈટના થાંભલાની આગળ ગલીમાં અનિલભાઈ કલ્લુપ્રસાદ ભાસ્કરના ઘર પાસે ઢીકામુક્કીથી મારતા મારતા લઈ જતાં તેણી વચ્ચે પડી છોડાવવા ગયેલ ત્યારે આરોપી પ્રમોદભાઈએ તેના પેન્ટના ખિસ્સામાંથી દાઢી બનાવવાના ઉપયોગમાં આવતું બ્લેડ કાઢી જયરામભાઈના ગળાના ડાબી બાજુ મારી દીધેલ. જેથી તેણી જયરામભાઈને રીક્ષા સ્ટેન્ડ પાસે લઈ ગયેલ અને તેણીના પતિના ગળાના ભાગેથી પુષ્કળ લોહી નીકળતું હોવાથી રીક્ષામાં નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતાં, સારવાર દરમિયાન જયરામભાઈ મરણ ગયેલા, તે મુજબની ફરિયાદ હકીકત પો.ઈ.શ્રી જે.એન. પંચાલના રૂબરૂ લખાવતાં

તેમણે તે ફરિયાદ હકીકત લખી લઈને તેણીના જમણા હાથના અંગુઠાનું નિશાન લીધેલ અને રૂબરૂ તરીકે પો.ઈ.શ્રીનાએ સહી કરીને ફરિયાદ બાબતે ગુનો રજિસ્ટર કરવા સારુ પી.એસ.ઓ.ને યાદી લખીને મોકલાવેલ, જે આધારે ઉપરોકત ગુના સબબ નવસારી ટાઉન પો.સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નં.૯૩/૨૦૧૫થી ગુનો નોંધીને ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એન. પંચાલનાએ સંભાળીને; મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ ભરવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને યાદી કરેલી, બે પંચો રૂબરૂ ઈન્કવેસ્ટ પંચનામું ભરી લાશનું પી.એમ. થવા સારુ મેડીકલ ઓફિસરશ્રીને યાદી લખેલ, એફ.એસ.એલ. અધિકારી નવસારી તથા બે પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, પંચનામા દરમિયાન એફ.એસ.એલ. અધિકારીની સૂચના મુજબ ગુનાવાળી જગ્યાએ જઈ મરણજનારના લોહીના અલગ અલગ પાંચ જગ્યાએથી લોહીના કોટન થ્રેડથી નમૂના લીધેલા અને કંટ્રોલ સેમ્પલના નમૂનાઓ લીધેલા, ફરિયાદમાં જણાવેલ શાહેદોના તેમજ ગુનાવાળી જગ્યાની નજીકના શાહેદોના નિવેદનો લીધેલા, બાદ મરણજનારની લાશ ઉપરથી કપડા કબજે લઈ અ.પો.કો.નરેશભાઈ રતનસિંહને દાકતરશ્રીએ સોંપેલા તે કપડાં રજૂ કરતાં તે કપડા પી.એસ.ઓ. રાજેન્દ્રભાઈએ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલા અને ફરિયાદીએ પહેરેલ કપડા ઉપર મરણજનારના લોહીના ડાઘા હોઈ, સદર કપડા પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલા.

ત્યારબાદ આ કામે પી.આઈ.શ્રી દિલીપકુમાર નાથાલાલ પટેલે આ ગુનાની આગળની તપાસ સંભાળી લઈ આરોપીઓને અટક કરીને પંચો રૂબરૂ અટક પંચનામું કરેલ, ફરિયાદીનું વિશેષ નિવેદન લીધેલું, આરોપી પ્રમોદે બનાવ વખતે પહેરેલ કપડા સાથે બનાવમાં ઉપયોગમાં લીધેલ બ્લેડ જે જગ્યાએ સળગાવેલી તે બતાવતાં, બે પંચોની હાજરીમાં સદર જગ્યાનું પંચનામું કરેલ અને સળગી ગયેલ હાલતમાં બ્લેડ હતી તે આ કામે કબજે કરેલ, રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર તૈયાર કરી મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલાવેલ, એફ.એસ.એલ.માંથી મુદ્દામાલ પરીક્ષણ થઈને તેમના ફોરવર્ડીંગ લેટર સાથે અસલ બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ તથા અસલ સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ આવેલા તે સામેલ રાખેલા અને આરોપીઓ વિરુધ્ધ પૂરતા પુરાવા આધારે અદાલતમાં ઉપરોકત ગુના સબબ ચાર્જશીટ રજૂ કરેલ છે. તેને ફોજદારી કેસ નં.૬૭૭/૨૦૧૬થી રજિસ્ટરે લેવામાં આવેલ અને આરોપીઓને ચાર્જશીટની નકલ પૂરી પાડીને તેઓએ બચાવ માટે વકીલ રોકેલ છે કે કેમ? તેની ખાત્રી કર્યા બાદ સદરહુ કેસ સેશન ટ્રાયેબલ હોવાના કારણે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૨૦૯ મુજબ કમિટલનો હુકમ કરી અત્રેની સત્ર ન્યાયાલય તરફ ઈન્સાફી કાર્યવાહી માટે મોકલી આપેલ.

સદરહુ કેસ અત્રેની સત્ર ન્યાયાલયમાં કમિટ થઈને આવતાં, તા.૩૧–૦૩–૨૦૧૬ના રોજ ઉપરોકત નંબરેથી રજિસ્ટરે લેવામાં આવેલ અને આગળની ઈન્સાફી કાર્યવાહી માટે રાખવામાં આવેલ.

સદર કામે આરોપી નં.૧ ન્યાયિક હવાલાતમાં છે. જયારે આરોપી નં.ર જામીન મુકત છે.

આરોપી નં.૧ના બચાવ માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૩૦૪ મુજબ સરકારી ખર્ચે વકીલશ્રી પૂરા પાડવાનો હુકમ આંક: પથી કરીને વિદ્વાન વકીલશ્રી બી.જે. મોરાવાલાને નિયુકત કરવામાં આવેલ છે.

ર. આ કામે આરોપીઓ વિરુદ્ધ આંક: ૧૧થી ઉપરોકત ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપીઓની તે ગુના સબબ આંક: ૧ર અને ૧૩ હેઠળ પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુનો કબૂલ હોવાનો ઈન્કાર કરેલો. તેથી કેસ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

૩. ફરિયાદ પક્ષ તરફે પૂરતી તક આપવા છતાં નીચે મુજબનાં સાક્ષીઓને તપાસવામાં આવેલ છે:–

| <u>શાહેદ નંબર</u> | <u>સાક્ષીનું નામ</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧. | પંચ નિતીન રમેશભાઈ ગામિત, | ૧૬ |

| | | |
|---|---|---|
| ૨. | પંચ શૈલેન્દ્ર ચિંતામણી દુબે, | ૧૯ |
| ૩. | પંચ રીયાઝ નિઝામુદ્દીન શેખ, | ૨૦ |
| ૪. | પંચ નૂરખાન રસુલખાન પઠાણ, | ૨૬ |
| ૫. | ડો.ઓમપ્રકાશ સગુની પ્રસાદ, | ૨૯ |
| ૬. | પંચ રામસુરત રામચંદ્ર મિશ્રા, | ૩૩ |
| ૭. | પંચ સુરેશ બાલુભાઈ ચૌહાણ, | ૪૮ |
| ૮. | પંચ મુકેશ શંકરભાઈ ગોલે, | ૫૧ |
| ૯. | ફરિયાદી હંસાબેન જેરામભાઈ કટારિયા, | ૭૪ |
| ૧૦. | શાહેદ શ્રીનિવાસ કિશનભાઈ બતુલ, | ૮૩ |
| ૧૧. | શાહેદ લક્ષ્મીબેન ક્રિષ્ણાભાઈ બતુલ, | ૮૫ |
| ૧૨. | સાયન્ટીફીક ઓફિસર નારણભાઈ મંગળાભાઈ ગોહીલ, | ૧૦૫ |
| ૧૩. | પી.એસ.ઓ. મહમદઅબરાર અબ્દુલગફાર સૈયદ, | ૧૦૭ |
| ૧૪. | પી.આઈ. જયેશકુમાર નટુભાઈ પંચાલ, | ૧૧૯ |
| ૧૫. | પી.આઈ. દિલીપકુમાર નાથાલાલ પટેલ, | ૧૨૪ |

જયારે દસ્તાવેજી પુરાવા તરીકે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે:-

| <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|
| ૧. મરણોત્તર પંચનામું, | ૧૭ |
| ૨.લાશ ઉપરથી કપડા કબજે કર્યાનું પંચનામું, | ૨૧ |
| ૩.ફરિયાદીએ રજૂ કરેલ કપડા કબજે કર્યાનું પંચનામું, | ૨૨ |
| ૪.આરોપીની શરીરસ્થિતિનું પંચનામું, | ૨૩ |

| | |
|---|---|
| ૫.મુ.આ.નં.૧૧ વાળી પંચસ્લીપ, | ૨૪ |
| ૬.મુ.આ.નં.૧૪ વાળી પંચસ્લીપ, | ૨૫ |
| ૭.શબ પરીક્ષણ અહેવાલ, | ૩૦ |
| ૮.કોઝ ઓફ ડેથ સર્ટિફિકેટ, | ૩૧ |
| ૯.પોલીસ યાદી, | ૩૨ |
| ૧૦.ગુનાવાળી જગ્યાનું પંચનામું, | ૩૪ |
| ૧૧.મુ.આ.નં.૧થી ૧૦ વાળી પંચસ્લીપો, | ૩૫થી ૪૪ |
| ૧૨.આરોપીએ મુદામાલ રજૂ કર્યાનું પંચનામું, | ૪૯ |
| ૧૩.મુ.આ.નં.૧૬ વાળી પંચસ્લીપ, | ૫૦ |
| ૧૪.ફરિયાદ, | ૭૫ |
| ૧૫.ગુના/બનાવના સ્થળ મુલાકાતનો ફોરેન્સીક અહેવાલ, | ૧૦૬ |
| ૧૬.સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ, | ૧૦૮ |
| ૧૭.ગુનો રજિસ્ટર કરવા બાબતેની યાદી, | ૧૨૦ |
| ૧૮.લાશ ઉપરના કપડા પી.એસ.ઓ.ને સોંપેલાની યાદી, | ૧૨૧ |
| ૧૯.લાશનું ઈન્કવેસ્ટ કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રીને લખેલ યાદી, | ૧૨૨ |
| ૨૦.મુદામાલ રવાનગી નોંધ, | ૧૨૫ |
| ૨૧.મુદામાલ મળી ગયાની પહોંચ, | ૧૨૬ |
| ૨૨.બાયોલોજીકલ અહેવાલ, | ૧૨૭ |
| ૨૩.સીરોલોજીકલ અહેવાલ, | ૧૨૮ |

આ સિવાય બીજા કોઈ પણ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષ તરફે આંક: ૧૨૯થી શાહેદો ડ્રોપ કર્યાનું પુરસીસ તથા આંક: ૧૩૦થી પુરાવા બંધનું પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

૪. આ કામે આરોપી નં.૨ હાજર નહિ રહેતાં હોઈ, આરોપી નં.૧ તરફેની આંક: ૧૦૧ની અરજી હેઠળ હુકમ કરી, આરોપી નં.૧ની સામેનો કેસ આગળ ચલાવવાનો અને આરોપી નં.૨ મળી આવ્યેથી તેના વિરુધ્ધનો કેસ આગળ ચલાવવાનો હુકમ તા.૫–૧૦–૨૦૧૯ના રોજ કરેલ છે.

૫. આ કામે આરોપી નં.૧નું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધી લેવામાં આવેલ. તેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું અને પોતે કોઈ ગુનો નહિ કરેલાનું, જણાવેલ. પરંતુ બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી. તેથી કેસ આખરી દલીલની સુનાવણી માટે રાખવામાં આવેલ.

૬. ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન પી.પી. શ્રી ટી.સી. સુળેએ મૌખિક રજૂઆત કરેલ છે કે, આ કામના ફરિયાદી, ગુજરનારના પત્ની થાય છે. આરોપી નં.૧ ફરિયાદીના ઘરે ફરિયાદીના પતિને ઉછીના સો રૂપિયા આપેલા તે પરત લેવા આવેલા. તે સમયે ગુજરનાર હાજર ન હતા અને આરોપી નં.૧ ગાળો બોલતા, તેથી ફરિયાદી તથા બાજુમાં રહેતા શાહેદ લક્ષ્મીબેને આરોપી નં.૧ને ગાળો નહિ બોલવા જણાવતાં, આરોપી સ્થળ ઉપરથી જતો રહેલ અને ત્યારબાદ થોડી જ વારમાં આરોપી નં.૧, આરોપી નં.૨ ને લઈને ફરિયાદીના ઘરે આવેલા

અને તે સમય દરમિયાન ગુજરનાર જયરામભાઈ આવી જતાં, આરોપીઓએ ગુજરનાર સાથે બોલાચાલી કરી, માર મારી, ગુજરનારને લાઈટના થાંભલા આગળ ગલીમાં અનિલભાઈના મકાન પાસે ખેંચી લઈ ગયેલ અને તે સમયે ફરિયાદી છોડાવવા વચ્ચે પડેલ ત્યારે આરોપી નં.૧નાએ પોતાના ખિસ્સામાં રહેલ દાઢી કરવાની બ્લેડ કાઢી, ગુજરનારને ગળાના ડાબી બાજુ બ્લેડ મારેલી. તેથી ગુજરનારને લોહી નીકળતાં, ફરિયાદી તેના પતિ–ગુજરનારને રીક્ષામાં બેસાડી નવસારી સિવિલ હોસ્પિટલ લઈ ગયેલ અને આરોપીઓ ભાગી ગયેલા. જયાં ગુજરનારનું સારવાર દરમિયાન મૃત્યુ થયેલું. તે મતલબની ફરિયાદ, ફરિયાદીએ આરોપીઓ વિરુધ્ધ આપતાં પોલીસે તપાસ કરેલી. ગુજરનારનું પી.એમ. કરાવેલ, બનાવવાળી જગ્યાનું પંચનામું કરી મુદામાલ કપડા વગેરે કબજે કરી, એફ.એસ.એલ. લેબોરેટરીમાં તેનું પરીક્ષણ કરાવેલ અને આરોપીઓ પકડાઈ જતાં, તેઓની વિરુધ્ધ પૂરતા પુરાવાને આધારે ચાર્જશીટ કરેલું છે. સદર કેસ અત્રેની અદાલતમાં ચાલી જતાં, ફરિયાદીએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે અને ગુજરનારનું મોત થયેલુ તે બાબતે પી.એમ. નોટથી અભિપ્રાય આવેલ છે. પ્રથમ વખત બોલાચાલી થયેલી ત્યારે શાહેદ લક્ષ્મીબેન પણ હાજર હતા અને તેમની જુબાનીથી પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળેલ છે. સો રૂપિયા જેવી મામુલી રકમ માટે મૃત્યુ નિપજાવેલ છે. આ કામમાં પંચ શાહેદોએ પૂરતું સમર્થન કરેલ નથી, પરંતુ ગુજરનારનું

મોત થયેલુ તે નિર્વિવાદ છે અને આરોપી નં.૧ નાએ ગુજરનારને ગળાના ભાગે બ્લેડ મારેલી તે સળગાવી દઈને પુરાવાનો નાશ કરેલ છે. જે બ્લેડ પોલીસે પંચનામાની રૂએ કબજે કરેલ છે. વૈજ્ઞાનિક પૃથકકરણ અહેવાલથી સમર્થન પ્રાપ્ત થાય છે. ફરિયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ વૈમનસ્ય કે દુશ્મનાવટ નથી. તેથી ખોટી ફરિયાદ કરવાનું કારણ નથી. ફરિયાદી–શાહેદ અને પોલીસ શાહેદોની જુબાનીમાં કોઈ વિરોધાભાસી હકીકત આવેલ નથી. તેથી ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ કેસ પુરવાર કરેલ હોઈ, આરોપી નં.૧ને તકસીરવાર ઠરાવવા જોઈએ.

૭. આરોપી નં.૧ તરફે વિદ્વાન વકીલશ્રી બી.જે. મોરાવાલાએ આંક: ૧૪૦થી લેખિત દલીલ રજૂ કરીને મૌખિકમાં એવી રજૂઆત કરેલ છે કે, આ કામના ફરિયાદીએ ફરિયાદ આપેલી છે તેમાં બનાવ સમયે શાહેદ લક્ષ્મીબેન પણ છોડાવવા વચ્ચે પડેલા તેવું જણાવેલ છે. પરંતુ, શાહેદ લક્ષ્મીબેનને આ કામે ફરિયાદ પક્ષે આંક: ૮૫થી તપાસેલ છે અને તેમણે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. તેથી ફરિયાદીની જુબાનીને શાહેદ લક્ષ્મીબેનની જુબાનીથી સમર્થન મળતું નથી અને ફરિયાદી સિવાય આ કામે અન્ય કોઈ નજરે જોનાર શાહેદ નથી. ઈન્કવેસ્ટ પંચનામામાં ગુજરનારને ગળાના ભાગે એક જ ઈજા દર્શાવેલી છે. જયારે પી.એમ. નોટમાં ગુજરનારને ગળાના ભાગે ચાર ઈજાઓ દર્શાવેલી છે. તેથી ઈજા બાબતે વિરોધાભાસ છે. તેમજ પંચ શાહેદોએ પણ ફરિયાદ પક્ષના

કેસને સમર્થન આપેલ નથી. તેથી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, આરોપી નં.૧ ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી છે.

૮. આ કામે બંને પક્ષના વિદ્વાન વકીલ શ્રીની દલીલો, પડેલ પુરાવા વંચાણે લેતાં, નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

**<u>મુદ્દા</u>**

૧. શું આ કામે ગુજરનાર જયરામભાઈ મેઘજીભાઈ કટારિયાનું મૃત્યુ તે સાપરાધ મનુષ્ય વધ છે?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૪–૧૧–૧૫નાં કલાક ૧૭:૧૫ વાગ્યાના સુમારે તા.જિ.નવસારીનાં ઘેલખડી, ભવાનીનગર, અનિલભાઈ કલ્લુભાઈ ભાસ્કરના ઘર પાસે ફરિયાદી હંસાબેનના પતિ મરનાર જયરામભાઈ મેઘજીભાઈ કટારિયાએ આરોપી નં.૧ પાસેથી લીધેલા ઉછીના રૂપિયા સો ની આરોપીઓએ ફરિયાદી તથા મરનાર પાસે ઉઘરાણી કરીને એકબીજાની મદદગારીમાં ઉશ્કેરણીજનક અપશબ્દો બોલી, મરનાર જયરામભાઈને ઢીકમુકકીનો માર મારેલ અને આરોપી નં.૧નાંએ મરનાર જયરામભાઈનું મોત નિપજાવવાનાં ઈરાદે પેન્ટના ખિસ્સામાંથી દાઢી કરવાની બ્લેડ કાઢી મરનાર જયરામભાઈના ગળાના ડાબી બાજુએ બ્લેડ મારી

ગંભીર ઈજા પહોંચાડેલ. જેથી મરનાર જયરામભાઈનુ સારવાર દરમ્યાન મૃત્યુ નિપજેલુ. તે રીતે આરોપી નં.૧નાએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૨૩, ૫૦૪ તથા સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબ શિક્ષા પાત્ર ગુના કરેલા છે?

૩. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ દરમ્યાન આરોપી નં.૧ના કપડા લોહીવાળા થયેલા તે લોહીવાળા કપડા આરોપીઓએ એક બીજાની મદદગારીમાં સળગાવી નાંખી પુરાવાનો નાશ કરેલ. તે રીતે આરોપી નં.૧નાએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૦૧ તથા સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

૪. શું હુકમ?

૯. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આધારે ઉપરોકત મુદ્દાઓનાં જવાબો નીચે મુજબ આપેલા છે અને તેનાં કારણો ત્યાર પછી જણાવેલા છે:–

૧. હકારાત્મક.

૨. હકારાત્મક.

૩. હકારાત્મક.

૪. અંતિમ હુકમ મુજબ.

## : <u>કારણો</u> :

<u>મુદ્દા નં.૧</u>:–

૧૦. સૌ પ્રથમ સાપરાધ મનુષ્ય વધની વ્યાખ્યા જે ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૯૯ માં આપવામાં આવેલી છે તે જોઈએ તો,

''કોઈ પણ વ્યકિત, મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે સાપરાધ મનુષ્ય વધનો ગુનો કરે છે.''

હવે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૦ માં ખૂનની વ્યાખ્યા આપવામાં આવેલી છે, તેમાં સાપરાધ મનુષ્ય વધ તે ખૂન નથી તે માટેના અપવાદો આપવામાં આવેલા છે તે જોઈએ તો,

અપવાદ–૧: ગંભીર તથા ઓચિંતા ઉશ્કેરાટના કારણે પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેઠો હોય તેવો ગુનેગાર તેવી અવસ્થામાં ઉશ્કેરાટનું કારણ આપનારનું મૃત્યુ નિપજાવે અથવા ભૂલ કે અકસ્માતથી અન્ય કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે તો સાપરાધ મનુષ્ય વધ ખૂન નથી.

અપવાદ–૨: ગુનેગાર જો શરીર અથવા મિલકતના સ્વબચાવના અધિકારનો શુભનિષ્ઠાપૂર્વક ઉપયોગ કરતા કાનૂનથી પોતાને મળેલી સત્તાની બહાર જઈને પૂર્વનિર્ણય વગર અને તેવા સ્વબચાવ અંગે જરૂરી હોય તે કરતા વધુ હાનિ નિપજાવવાના ઈરાદા વગર જેની સામે એવા સ્વબચાવના અધિકારનો પોતે ઉપયોગ કરતો હોય તેનું મૃત્યુ નિપજાવે તો સાપરાધ મનુષ્ય વધ ખૂન નથી.

અપવાદ–૩: ગુનેગાર પોતે જાહેર નોકર હોય અથવા જાહેર ન્યાયનું કાર્ય આગળ ધપાવતાં જાહેર નોકરને મદદ કરતો હોય અને કાનૂનથી પોતાને મળેલી સત્તાને બહાર જઈને તેવા જાહેર નોકરની હેસિયતથી પોતાની ફરજનું યોગ્ય રીતે પાલન કરવા માટે જે કાનૂની અથવા આવશ્યક હોવાનું પોતે શુભનિષ્ઠાપૂર્વક માનતો હોય તેવું કૃત્ય કરતા અને મરનાર પ્રત્યે દુર્ભાવ વગર મૃત્યુ નિપજાવે તે સાપરાધ મનુષ્ય વધ ખૂન નથી.

અપવાદ–૪: પૂર્વનિર્ણય વગર ઓચિંતો ઝઘડો થતાં આવેશની તિવ્રતામાં થયેલી ઓચિંતી મારામારીમાં અને ગુનેગારે સદોષ લાભ લીધાં વગર અથવા ક્રૂરતાથી કે અસાધારણ રીતે વર્તયા વગર સાપરાધ મનુષ્ય વધ કર્યો હોય તો તે ખૂન નથી.

અપવાદ–૫: મૃત્યુ પામનાર વ્યકિત અઢાર વર્ષથી વધુ વયની હોય અને તેણે પોતાની મરજીથી મૃત્યુ વહોરી લીધું હોય અથવા મૃત્યુનું જોખમ લીધું હોય તો સાપરાધ મનુષ્ય વધ એ ખૂન નથી.

આમ ઉપર મુજબની કાયદાની જોગવાઈ લક્ષમાં લેતાં, જો ઉપરના પાંચ અપવાદ પૈકી કોઈ અપવાદમાં કેસ પડતો હોય તો તે સાપરાધ મનુષ્ય વધ એ ખૂન ગણી શકાય નહિ અને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૦ના અપવાદમાં કેસ ન પડતો હોય તો સાપરાધ મનુષ્ય વધ એટલે કે ખૂન કહેવાય તેવી કાયદાની સ્પષ્ટ જોગવાઈ છે. તેથી હાલના કેસમાં ગુજરનારનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ છે કે કેમ? તે હકીકત લક્ષમાં લેતાં, ફરિયાદી હંસાબેને તેમની ફરિયાદમાં આ કામના આરોપી નં.૧નાએ ગુજરનારને ગળા ઉપર ડાબી બાજુના ભાગે દાઢી કરવાની બ્લેડ મારેલી તે મતલબની ફરિયાદ આપેલી છે અને ગુજરનારનું મૃત્યુ થયા બાદ તેનું પોષ્ટમોર્ટમ કરવામાં આવેલ છે તે હકીકત પુરવાર કરવા ફરિયાદ પક્ષે શાહેદ નં.૫ તરીકે ડો.ઓમપ્રકાશ સગુની પ્રસાદને આંક: ૨૯થી તપાસેલ છે. તેમની જુબાનીમાં તેમણે એવું જણાવેલ છે કે, શબને મૃત્યુ પહેલાની ઈજાઓ હતી તે પૈકી–

ઈજા નં.૧: ગળાની ડાબી બાજુ ગળાના પાછળના ભાગેથી કાન તરફ જતી આડી એક ઈનસાઈડ વુન્ડ જે ૧૦ × ૨ × ૨ સે.મી.

માપની અને તે સ્નાયુ તથા નસ સુધી ઉંડી ઈજા હતી, જેની કિનારીઓ શાર્પ અને બહારથી અંદર તરફ આવતી, લાલ રંગની હતી.

ઈજા નં.૨: ગળાની ડાબી બાજુ આડી એક ઈનસાઈડ વુન્ડ જે ૫ × ૦.૫ × ૦.૫ સે.મી. માપની ઉપરથી નીચે તરફ આવતી ઈજા હતી, જેની કિનારીઓ શાર્પ અને બહારથી અંદર તરફ આવતી, લાલ રંગની હતી.

ઈજા નં.૩: ગળાની ડાબી બાજુ આડી એક ઈનસાઈડ વુન્ડ જે ૫ × ૦.૫ × ૦.૫ સે.મી. માપની ઉપરથી નીચે તરફ આવતી ઈજા હતી, જેની કિનારીઓ શાર્પ અને બહારથી અંદર તરફ આવતી, લાલ રંગની હતી.

ઈજા નં.૪: ગળાની ડાબી બાજુ આડી એક ઈનસાઈડ વુન્ડ જે ૬ × ૦.૨ સે.મી. માપની ઉપરથી નીચે તરફ આવતી ઈજા હતી, જેની કિનારીઓ શાર્પ અને બહારથી અંદર તરફ આવતી, લાલ રંગની હતી.

વધુમાં, તેમના અભિપ્રાય મુજબ ગુજરનારનું મૃત્યુ ડાબા ભાગે સ્નાયુ સુધીની ઉંડી તથા રકતવાહિનીઓ સુધીની ઉંડી ઈન્સાઈડ વુન્ડના કારણે વધુ પડતું લોહી વહી જવાના કારણે થયેલ છે. વધુમાં, તેઓએ આંક: ૩૨થી પી.એમ. કરવાની યાદી, આંક: ૩૦થી પોષ્ટમોર્ટમ નોટ તથા આંક: ૩૧થી કોઝ ઓફ ડેથ સર્ટિફિકેટ રજૂ કરેલ છે.

હવે સદર દાકતર શાહેદની ઉલટ તપાસમાં આંક: ૧૭ના ઈન્કવેસ્ટ પંચનામામાં એક જ ઈજા દર્શાવેલી હતી જે નરી આંખે જોઈ શકાય તેવી હતી અને પી.એમ. નોટમાં કોલમ નં.૧૭માં ચાર ઈજાઓ દર્શાવેલી છે અને ચારેય ઈજાઓ નરી આંખે જોઈ શકાય તેવી અને માપ અલગ અલગ હોવાની હકીકત સ્વીકારેલી છે. તેથી બચાવ પક્ષના વકીલશ્રી મોરાવાલાએ રજૂઆત કરેલી છે કે, પી.એમ.નોટની કોલમ નં.૧૭માં ચાર ઈજાઓ દર્શાવેલી છે અને ઈન્કવેસ્ટ પંચનામામાં એક જ ઈજા દર્શાવેલી છે તેથી ગુજરનારને ઈજા થયેલી તે બાબતે વિરોધાભાસ જણાય છે. તેથી દાકતરશ્રીની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિ. પરંતુ, કેસની હકીકત લક્ષમાં લેતાં, ગુજરનારને આરોપી નં.૧નાએ દાઢી કરવાની બ્લેડ ગળાના ડાબા ભાગે મારેલી તેવી હકીકત ફરિયાદીએ નોંધાવેલ છે. હવે આંક: ૧૭ના ઈન્કવેસ્ટ પંચનામા સમયે એક જ ઈજા દર્શાવેલી છે. પરંતુ, પંચ તથા ઈન્કવેસ્ટ પંચનામું કરનાર અધિકારી તબીબી તજજ્ઞ ન કહેવાય. તેથી ઈન્કવેસ્ટ પંચનામા સમયે એક જ ઈજા દેખાયેલી જણાવેલ છે. જયારે પી.એમ. કરનાર દાકતરશ્રીએ લાશનું પી.એમ. કરતી વખતે ઝીણવટપૂર્વકની તપાસ કરતાં, ગુજરનારના ગળાના ભાગે ચાર ઈજાઓ જણાવેલી છે, જેઓ તબીબી તજજ્ઞ છે અને સદર ઈજાઓ મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હતી તેવી હકીકત જણાવેલી છે. હવે દાકતરશ્રીની આરોપી નં.૧ તરફેની ઉલટ તપાસમાં પણ મુદ્દામાલ બ્લેડ વડે ઈજા કરવામાં આવે તો આવા પ્રકારની ઈજા થવાની શકયતા છે તેમ જણાવેલ છે. ત્યારે ગુજરનારને દાઢી કરવાની બ્લેડ વડે ઈજા

પહોંચાડવામાં આવેલી છે તે તિક્ષ્ણ હથિયાર કહેવાય અને તેવી ઈજાથી મૃત્યુ થયેલ છે. હવે આ કામે બંને આરોપીઓ સાથે આવીને ફરિયાદી પાસે તેમના પતિને સો રૂપિયા આપેલાની ઉઘરાણી કરતા તે દરમિયાન ગુજરનારના ઘરે આવી જતાં, બંને આરોપીઓએ ગુજરનારની સાથે ઝઘડો કરી તેના ઘરથી થોડે દૂર લાઈટના થાંભલા આગળ ગલીમાં અનિલભાઈ ભાસ્કરના ઘર પાસે ઢીકમુકકીનો માર મારી, આરોપી નં.૧ નાએ પોતાના ખિસ્સામાંથી બ્લેડ કાઢી ગુજરનારને ગળાના ભાગે મારી ઈજા પહોંચાડેલ છે. જેથી આરોપીઓ ઓચિંતા ઉશ્કેરાટના કારણે ઈજા પામનારને બ્લેડ મારેલી હોય તેવો કોઈ કેસ નથી. કારણ કે તેઓ ગુજરનાર પાસે સો રૂપિયાની ઉઘરાણી કરવા માટે આવેલા ત્યારે ખિસ્સામાં બ્લેડ લઈને આવેલા છે અને ગુજરનારને ગળાના ભાગે બ્લેડ મારેલી છે. તેથી ગુજરનારને મૃત્યુ નિપજાવવાના ઈરાદે બ્લેડ મારી ઈજા પહોંચાડતા મોત નિપજેલુ છે. તેમજ સદર ઈજાઓ ઈજા પામનારના મૃત્યુ માટે પૂરતી હતી તેમ દાકતરશ્રીએ જણાવેલ છે. વધુમાં ઈન્કવેસ્ટ પંચનામું આંક: ૧૭, પી.એમ. નોટ આંક: ૩૦ અને કોઝ ઓફ ડેથ સર્ટિફિકેટ આંક: ૩૧ જોતાં, ગુજરનારને બ્લેડ વડે ઈજા કરવાને કારણે લોહી વહી જવાથી મૃત્યુ નિપજેલ છે. જેથી આરોપી નં.૧નાએ ગુજરનારને ગળાના ભાગે બ્લેડ મારી ઈજા પહોંચાડેલ છે. જે શરીરનો નાજૂક ભાગ છે. તેથી સામાન્ય માણસ પણ સમજી શકે કે શરીરના નાજૂક ભાગ ઉપર ઈજા કરવાથી મૃત્યુ સંભવી શકે છે. ત્યારે આરોપી નં.૧નાએ ગુજરનાર પાસે સો

રૂપિયાની ઉઘરાણી કરવા માટે આવેલ ત્યારે ખિસ્સામાં દાઢી કરવાની બ્લેડ લઈને આવેલ છે અને ગુજરનારને ગળાના ભાગે ઈરાદાપૂર્વક બ્લેડ મારી ગંભીર ઈજા પહોંચાડેલ હોવાથી ગુજરનારનું મૃત્યુ નિપજાવેલ છે. જેથી હાલનો બનાવ કાયદામાં જણાવેલ ઉપરોકત પાંચ અપવાદોમાં પડતો નથી. તેથી ગુજરનારનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ હતું, એવું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ હોઈ, મુદ્દા નં.૧નો જવાબ હકારમાં આપેલ છે.

<u>મુદ્દા નં.૨ અને ૩ સંયુકત</u>:–

૧૧. હવે આ કામે સાપરાધ મનુષ્ય વધ તે ખૂન છે તેમાં આરોપી નં.૧ સંડોવાયેલ છે કે કેમ? તે અંગે ફરિયાદ પક્ષનો પુરાવો જોઈએ તો આ કામે શાહેદ નં.૯ તરીકે ફરિયાદી હંસાબેન જેરામભાઈ કટારિયાને આંક: ૭૪થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી બનાવના દિવસે ઘરે હતી અને બપોરે જમીને સુઈ ગયેલ હતી અને તેણીનો પતિ બહાર ગયો હતો અને છોકરાઓ અજય અને કરણ ટીવી જોતા હતા અને છોકરો દિવ્યેશ મિત્ર સાથે કપડા લેવા ગયેલો. તેણી ચારેક વાગ્યે દરવાજે બેઠી હતી તે વખતે પ્રમોદે આવીને પૂછેલ કે, જેરામ ઘરે છે. તો તેણીએ કહેલ કે, ઘરે નથી. પછી પ્રમોદ ગાળો બોલી કહેતો હતો કે, જેરામ મારી પાસે સો રૂપિયા લઈ ગયેલ છે. તે વખતે તેણીની બાજુમાં રહેતા લક્ષ્મીબેને પ્રમોદને ગાળો નહિ બોલવાનું કહી, એનો ઘરવાળો આવે ત્યારે સો

રૂપિયા લઈ લેજે એમ કહેતાં, પ્રમોદ ગાળો બોલતો જતો રહેલો અને ત્યારબાદ આશરે સાડા છ વાગ્યાના સુમારે પ્રમોદ તેની પત્ની કોકીલાને લઈને આવેલો અને કહેલ કે, તારા ઘરવાળાએ મારા ઘરવાળા પાસેથી રૂપિયા સો ઉછીના લીધા છે. તો તેણીએ કહેલ કે, મારા ઘરવાળા પાસેથી લઈ લેજે અને પછી કોકીલા પણ બોલવા માંડી, તે વખતે તેણીના પતિ માર્કેટમાંથી ઘરે આવેલ ત્યારે તેણીના પતિએ; કોકીલા અને પ્રમોદને કહેલ કે, મારી ઘરવાળી પાસેથી પૈસા કેમ માંગે છે. પછી પ્રમોદ અને કોકીલાએ ગાળાગાળી કરી તેણીના પતિને મારેલ અને ઢસડીને તેણીના પતિને ગલી બાજુ લાઈટના થાંભલા પાસે લઈ ગયેલ અને પ્રમોદે ખિસ્સામાંથી બ્લેડ કાઢી તેણીના ઘરવાળાને ગળાની ડાબી બાજુએ બ્લેડ મારી દીધેલી, આ બ્લેડ ત્રણ વખત મારેલી. પ્રમોદ ત્રીજી વખત બ્લેડ મારવા ગયેલ ત્યારે તેણી આડી થયેલી તો તેણીના ઘરવાળાએ તેણીને ધક્કો મારેલો અને ત્રીજી વખત પણ તેણીના પતિને ગળા ઉપર એ જ જગ્યા ઉપર બ્લેડ મારી દીધેલી. પછી પ્રમોદ અને કોકીલા જતા રહેલા અને તેણીના પતિને ગળાના ભાગે લોહી નીકળતું હતું. તેથી તેણી તેણીના પતિને રીક્ષા સ્ટેન્ડ ઉપર લઈ જઈ રીક્ષામાં સિવિલ હોસ્પિટલ લઈ ગયેલ અને દવાખાનામાં લઈ ગયા બાદ ત્યાં તેણીના પતિ ગુજરી ગયેલ અને તે બાબતની ફરિયાદ આપેલી. તેણીએ આંક: ૭૫થી અસલ ફરિયાદ રજૂ કરેલ છે અને આરોપી નં.૧ને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. બનાવવાળી જગ્યા પણ

તેણીએ પોલીસને બતાવેલી અને સદર શાહેદે તેના પતિના કપડા અને પોતાના પણ કપડા ઓળખી બતાવેલ છે. સદર શાહેદની ઉલટ તપાસમાં, ફરિયાદીએ તેમની ફરિયાદમાં, ''પ્રમોદ ત્રીજી વખત બ્લેડ મારવા ગયો ત્યારે હું આડી થયેલી તો મારા ઘરવાળાએ મને ધકકો મારેલો અને ત્રીજી વખત પણ મારા પતિના ગળા પર એક જ જગ્યાએ બ્લેડ મારી દીધેલી'', તેવું લખાવેલ નથી તે હકીકત સ્વીકારેલ છે. તે સિવાય બીજી કોઈ વિરુધ્ધની હકીકત ફરિયાદીની ઉલટ તપાસમાં બહાર આવેલ નથી.

૧૨. આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૦ તરીકે શ્રીનિવાસ કિશનભાઈ બતુલને આંક: ૮૩થી તપાસેલ છે, જેઓ ઘેલખડી વિસ્તારમાં રીક્ષા ચલાવે છે અને ગુજરનારની બાજુમાં રહે છે અને તેમને ઓળખે છે. બનાવના દિવસે બનાવ બનેલો ત્યારે સાંજના પાંચ વાગ્યે તેઓ ઘેલખડી રીક્ષા લઈને આવેલા ત્યારે જયરામભાઈને ગળામાં વાગેલુ હતું અને ૧૦૮ની રાહ જોતા હતા અને બધાએ રીક્ષામાં લઈ જવાનું જણાવતાં, રીક્ષામાં જયરામભાઈ તથા તેમની વાઈફને સિવિલ હોસ્પિટલ નવસારી લઈ ગયેલા. જયરામભાઈને હોસ્પિટલમાં દાખલ કરીને પાછા આવેલા. ત્યારપછી જયરામભાઈ ગુજરી ગયાની ખબર પડેલી. હવે રીક્ષામાં તેમને જયરામભાઈની પત્ની સાથે બનાવ બાબતે કોઈ વાતચીત થયેલ નથી કે જયરામભાઈની પત્નીએ તેમને બનાવ બાબતે કાંઈ વાતચીત કરેલી નથી. બનાવ બાબતે તેમણે જયરામભાઈની પત્નીને પૂછેલું પણ નહિ તેવું જણાવી

તેઓ ફરિયાદ પક્ષને સમર્થન કરતા ન હોઈ, તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.પી.પી.શ્રીની ઉલટ તપાસમાં પણ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નથી.

૧૩. ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૧ તરીકે લક્ષ્મીબેન ક્રિષ્ણાભાઈ બતુલને આંક: ૮૫થી તપાસેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બપોરના સમયે બનેલો અને હંસાબેન તેમની બાજુમાં ભાડુઆત તરીકે રહેતા હતા અને બનાવમાં પ્રમોદ; હંસાબેન સાથે લડતો હતો. તેથી પ્રમોદને સમજાવતા પ્રમોદ જતો રહેલો અને ત્યારપછી સાંજે મેઈન રોડ ઉપર બનાવ બન્યો ત્યારે તેણી હાજર ન હતી. ઝઘડો થયો તેવી બુમાબુમ થયેલી ત્યારે તેણી જોવા ગયેલી. ત્યારે હંસાબેનના હસબન્ડનું ગળુ કપાયુ તેમ બધા બુમાબુમ કરવા લાગેલા અને હંસાબેન તેમના પતિને દવાખાને લઈ ગયેલી. બનાવ કેવી રીતે બનેલો તે તેણીને જાણવા મળેલ નહિ, તેમ જણાવી તેણી ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ, તેણીને ફરી ગયેલા શાહેદ તરીકે જાહેર કરીને ઉલટ તપાસ કરતાં, ફરિયાદ પક્ષને સમર્થન કરેલ નથી. પરંતુ, આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. સદર શાહેદની આરોપી તરફેની ઉલટ તપાસમાં, બપોરે પ્રમોદ આવેલો ત્યારે હંસાબેન પાસે તેણે સો રૂપિયાની માંગણી કરી ગાલીગલોચ કરેલ નથી અને તેણીએ પ્રમોદને સમજાવીને મોકલી આપેલ તેવી હકીકત સ્વીકારેલ છે.

૧૪. આમ, આ કામમાં બનાવ બાબતે ઉપરોકત ત્રણ શાહેદો બનાવના સમયના મહત્વના શાહેદો છે. તેમાં ફરિયાદણ બાઈ જે ગુજરનારના પત્ની થાય છે. તેનાથી આરોપી નં.૧નાએ તેણી પાસે તેના પતિને સો રૂપિયા આપેલા તે માંગવા આવેલો અને તેણી સાથે ગાળાગાળી કરેલી અને બાજુમાં રહેતા લક્ષ્મીબેને પણ આરોપી પ્રમોદને ગાળો નહિ બોલવાનું જણાવતાં, પ્રમોદ જતો રહેલો અને તે હકીકત લક્ષમાં લેતાં, શાહેદ લક્ષ્મીબેને આ કામમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. પરંતુ, લક્ષ્મીબેનની જુબાનીથી આરોપી નં.૧ ગુજરનારના ઘરે સો રૂપિયા માંગવા આવેલો તે હકીકત ફલિત થાય છે. હવે ફરિયાદની હકીકત મુજબ, પ્રમોદ થોડ વાર પછી આરોપી નં.ર કોકીલા સાથે ફરિયાદીના ઘરે આવેલો તે સમય દરમિયાન ગુજરનાર આવી જતાં આરોપીઓ અને ગુજરનાર વચ્ચે બોલાચાલી થતાં, આરોપીઓએ ગુજરનારને માર મારવા લાગેલા અને ઘરથી થોડે દૂર લાઈટના થાંભલા આગળ અનિલભાઈ કલ્લુભાઈ પ્રસાદ ભાસ્કરના ઘર પાસે માર મારતા લઈ ગયેલા અને તે સમયે ફરિયાદી છોડાવવા વચ્ચે પડતા આરોપી પ્રમોદભાઈએ તેઓના ખિસ્સામાંથી દાઢી બનાવવાના ઉપયોગમાં લેવાતી બ્લેડ ગુજરનારને ગળાની ડાબી બાજુ મારેલી તે હકીકતને ફરિયાદી હંસાબેનની જુબાનીથી સમર્થન મળે છે. હવે ફરિયાદી હંસાબેને તેમની ઉલટ તપાસમાં, તેણીના પતિને ઢસડીને થાંભલા પાસે લઈ ગયેલા અને તેણી તેના પતિને છોડાવવા આડી થયેલ ત્યારે તેણીના

પતિએ ધકકો મારેલો અને ત્રીજી વખત તેના પતિને બ્લેડ મારેલી, તેવી હકીકત લખાવેલ નથી, એટલી હકીકત સ્વીકારેલ છે. પરંતુ, તેટલી હકીકત સ્વીકારેલ હોવાથી ફરિયાદીનો સમગ્ર પુરાવો ઉવેખી શકાય નહિ. કારણ કે, ગુજરનારને આરોપી નં.૧નાએ બ્લેડ મારેલી છે અને તેને થયેલી ઈજા બાબતે મેડીકલ પુરાવાથી પણ સમર્થન મળે છે. હવે ફરિયાદીની વધુ ઉલટ તપાસમાં, ફરિયાદીને આરોપીઓ સાથે કોઈ વૈમનશ્ય કે દુશ્મનાવટ હતી તે કારણે ખોટી ફરિયાદ કરેલાની હકીકત બહાર કઢાવી શકેલ નથી. તેથી માત્ર સો રૂપિયા જેવી નજીવી બાબતમાં આરોપીઓએ ફરિયાદી પાસે ઉઘરાણી કરતી વખતે ગુજરનાર આવી જતાં, ગુજરનારને બ્લેડથી ઈજા પહોંચાડતા તેના કારણે ગુજરનારનું મોત નિપજેલ છે. હવે બનાવ બાદ શાહેદ શ્રીનિવાસ કે જેઓ ગુજરનારને તથા ફરિયાદીને રીક્ષામાં સિવિલ હોસ્પિટલ લઈ ગયેલા છે. એટલી હકીકત પૂરતુ તેમની જુબાનીથી સમર્થન મળે છે. શાહેદ લક્ષ્મીબેને પણ પ્રમોદ હંસાબેન પાસે સો રૂપિયાની માંગણી કરવા આવેલો ત્યારે તેને સમજાવીને કાઢી મૂકેલો એટલી હકીકત પૂરતું ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે.

૧૫. હવે આ કામમાં બનાવવાળી જગ્યાએ એફ.એસ.એલ. અધિકારી નારણભાઈ ગોહીલ પધારેલા તેમને શાહેદ નં.૧૨ તરીકે આંક: ૧૦૫થી તપાસેલ છે. તેમની જુબાનીથી પણ બનાવવાળી જગ્યાએ લોહીના ડાઘા અને સ્થળ સ્થિતિ નિરીક્ષણ કરી લોહીના ડાઘા વગેરે કબજે લીધેલ અને ત્યારબાદ આ કામના

ફરિયાદીએ નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. જે ફરિયાદ પી.આઈ.શ્રી જયેશકુમાર નટુભાઈ પંચાલ સમક્ષ આપેલી. તેમને શાહેદ નં.૧૪ તરીકે આંક: ૧૧૯થી તપાસેલ છે. તેમણે ફરિયાદ લઈ તે રજિસ્ટર કરવા પી.એસ.ઓ. મહમદઅબરાર અબ્દુલગફાર સૈયદને આપેલી અને તેઓને પણ શાહેદ નં.૧૩ તરીકે આંક: ૧૦૭થી તપાસેલ છે. તેઓએ જુબાનીમાં, તા.૪–૧૧–૧૫ના રોજ તેઓ નવસારી ટાઉનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હાજર હતા ત્યારે કલાક ૨૧:૪૫ વાગ્યે પી.આઈ. રૂબરૂની ફરિયાદ રજિસ્ટરે કરવા માટે લેખિત યાદી આવતાં પોલીસ સ્ટેશન ડાયરીમાં પા નં.૫૪–૫૫ અનુક્રમ નં.૨૦થી ફર્સ્ટ ગુ.ર.નં. ૯૩/૨૦૧૫થી નોંધેલ, જે સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ આંક: ૧૦૮થી રજૂ કરેલ છે અને ફરિયાદ લેનાર અધિકારી પી.આઈ.શ્રી જયેશકુમાર નટુભાઈ પંચાલનાએ તપાસ સંભાળેલી. તપાસ કરનાર અધિકારીશ્રી પંચાલનાઓએ ઈન્કવેસ્ટ પંચનામું તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલુ. શાહેદોના નિવેદનો લીધેલા. ગુજરનારના કપડા પંચનામાંની વિગતે કબજ કરેલા. ફરિયાદી હંસાબેન મરણજનારને હોસ્પિટલમાં લઈ જતી વખતે તેણીએ પહેરેલ કપડા લોહીના ડાઘાવાળા થયા હોય તે પંચનામાંની વિગતે કબજે કરેલા. લાશનું પી.એમ. કરવા યાદી લખેલ અને આ કામના શાહેદ શ્રીનિવાસ કિશનભાઈ બતુલ તથા શાહેદ લક્ષ્મીબેન બતુલના નિવેદનો તેમણે લીધેલા છે જે શાહેદો ફરી

ગયેલા હોઈ, તેઓના કોન્ટ્રાડિકશન લખાવેલ છે. ત્યારબાદ આ કામે આગળની વધુ તપાસ કરનાર પી.આઈ.શ્રી દિલીપકુમાર નાથાભાઈ પટેલને શાહેદ નં.૧૫ તરીકે આંક: ૧૨૪થી તપાસેલ છે. તેઓએ જણાવેલ છે કે, આ ગુનાની અગાઉની તપાસ કરનાર પી.આઈ.શ્રી જે.એન. પંચાલની બદલી થતાં, આગળની તપાસ તેમને મળેલ, તેમણે આરોપીને અટક કરેલા. આરોપી નં.૧નાએ પહેરેલ કપડા અને તેણે ઉપયોગમાં લીધેલ બ્લેડ જે સળગાવેલ તે કબજે લીધેલ અને મુદામાલ એફ.એસ.એલ.માં મોકલાવેલ અને એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ આવેલા તે આ કામે રજૂ કરેલ છે. તેઓએ આરોપીને ઓળખી બતાવેલ છે.

૧૬. હવે આ કામમાં પંચ શાહેદો– નિતીન રમેશભાઈ ગામિતને આંક: ૧૬થી, શૈલેન્દ્ર ચિંતામણી દુબેને આંક: ૧૯થી, રીયાઝ નિઝામુદ્દીન શેખને આંક: ૨૦થી, નૂરખાન રસુલખાન પઠાણને આંક: ૨૬થી, રામસુરત રામચંદ્ર મિશ્રાને આંક: ૩૩થી, સુરેશ બાલભુાઈ ચૌહાણને આંક: ૪૮થી અને મુકેશ શંકરભાઈ ગોલેને આંક: ૫૧થી તપાસેલા છે. આ તમામ પંચો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. તેથી આરોપીના વિ.વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, પંચ શાહેદોએ કેસને સમર્થન આપેલ નથી. જેથી ફરિયાદ પક્ષ તેમનો કેસ શંકારહિત સાબિત કરી શકેલ નથી. પરંતુ, આરોપીના વિ.વકીલશ્રીની આ દલીલ સાથે હું સંમત નથી. કારણ કે, પંચ શાહેદોએ સમર્થન ન કરેલ હોવાના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાનું મૂલ્ય ઘટી ન

જાય, પંચ શાહેદોનો પુરાવો તો ગૌણ પુરાવો કહેવાય. પરંતુ, ફરિયાદી તથા શાહેદ અને મેડીકલના પુરાવા તથા વૈજ્ઞાનિક પરીક્ષણના અહેવાલ જ મુખ્ય પુરાવા છે. હવે તપાસ કરનાર અધિકારીએ બનાવ સમયે પંચનામાની વિગતે મુદામાલ અને સ્થળસ્થિતિનું નિરીક્ષણ કરેલુ તે બતાવવા માટે પંચોની હાજરીમાં પંચનામા કરવામાં આવે છે. પરંતુ, તેવા પંચ કોર્ટમાં જુબાની સમયે ફરિયાદ પક્ષને સમર્થન કરતા નથી. જયારે તપાસ કરનાર અમલદાર મુદામાલ કપડા કબજે કર્યાનું પંચનામું, બ્લેડ કબજે કર્યાનું પંચનામું, વગેરે તેમની હાજરીમાં કરેલ છે અને ફરિયાદીની જુબાની તથા શાહેદ લક્ષ્મીબેનની જુબાનીથી આરોપી નં.૧ ફરિયાદીના ઘરે આવેલા અને સો રૂપિયાની ઉઘરાણી કરેલી તે હકીકતને સમર્થન મળેલ છે. ત્યારબાદ થોડી વારમાં બંને આરોપીઓ ફરિયાદીનાં ઘરે આવેલા અને ગુજરનાર ઘરે આવતાં બંને આરોપીઓએ ગુજરનારને તેમના ઘરેથી થોડે દૂર લાઈટના થાંભલા આગળ અનિલભાઈના ઘર પાસે લઈ જઈ આરોપી નં.૧નાએ ગુજરનારને બ્લેડ મારેલી અને ત્યારબાદ શાહેદ શ્રીનિવાસ રીક્ષામાં ફરિયાદી અને ગુજરનારને સિવિલ હોસ્પિટલે લઈ ગયેલા ત્યાં ગુજરનારનું મૃત્યુ થયેલ અને દાકતરશ્રીએ ગુજરનારની લાશનું પી.એમ. કરેલુ છે અને ગુજરનારનું મૃત્યુ ગળાના ડાબા ભાગે સ્નાયુ સુધી ઉંડી તથા રકતવાહિની સુધી ઉંડી ઈજાને કારણે વધુ પડતુ લોહી વહી જવાને કારણે મૃત્યુ નિપજેલાનું જણાવેલ છે. તેથી મેડીકલ પુરાવાથી

પણ સમર્થન મળેલ છે. એફ.એસ.એલ.નો બાયોલોજીકલ અહેવાલ અને સીરોલોજીકલ અહેવાલ અનુક્રમે આંક: ૧૨૭ અને ૧૨૮ જોતાં પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે છે. હવે આ કામે લાશનું પોસ્ટમોર્ટમ કરનાર દાકતરશ્રી ઓમપ્રકાશ અને એફ.એલ.એલ. અધિકારીશ્રી નારણભાઈ કે જેઓએ સ્થળ સ્થિતિનું નિરીક્ષણ કરેલ છે તેઓ ફરિયાદ પક્ષના શાહેદ છે. તેઓ સરકારી અધિકારી છે. તેમને ફરિયાદ પક્ષના કેસના પરિણામ સાથે કોઈ નિસ્બત હોતી નથી. તેથી તેઓ તટસ્થ શાહેદ કહેવાય. ત્યારે તેમની જુબાનીને નહિ માનવાને કોઈ કારણ નથી. વધુમાં, ફરિયાદ લેનાર અધિકારી પી.આઈ.શ્રી જયેશકુમાર તથા ગુનો રજિસ્ટર કરનાર પી.એસ.ઓ.શ્રી મહમદઅબરાર અને આ કામના તપાસ કરનાર અમલદારશ્રી દિલીપકુમાર કે જેઓએ ગુનાની તપાસ કરી પુરાવો એકત્રીત કરી આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીીટ કરેલ છે અને તે મુજબ કોર્ટમાં સોગંદ ઉપર જુબાની આપી કેસની હકીકતને સમર્થન કરેલ છે. ત્યારે તેમની જુબાનીને પણ ન માનવાને કોઈ કારણ નથી. તેમજ આ કામના ફરિયાદી હંસાબેન કે જેઓ ગુજરનારના પત્ની થાય છે. આ બનાવમાં તેણીના પતિનું મોત નિપજેલ છે. તે બાબતે તેણીએ સોગંદ ઉપર જુબાની આપેલ છે. શાહેદ લક્ષ્મીબેને પણ આરોપી નં.૧ ફરિયાદીના ઘરે ઉઘરાણી કરવા આવેલ તે હકીકતને સમર્થન આપેલ છે. ગુજરનારને ઈજા થયા બાદ શાહેદ શ્રીનિવાસની રીક્ષામાં ગુજરનારને ફરિયાદી નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ

ગયેલા. જયાં ગુજરનારનું મૃત્યુ થયેલ છે તે બાબતે ડો.શ્રી ઓમપ્ર કાશનાઓએ લાશનું પોસ્ટમોર્ટમ કરેલ છે. આ તમામ પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે છે. વધુમાં, ફરિયાદણને આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરિયાદ કરવાનું કોઈ કારણ નથી. કારણ કે, ફરિયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ દુશ્મનાવટ કે વૈમનશ્ય હતું તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે બચાવ પક્ષનો તેવો કોઈ બચાવ પણ નથી. ત્યારે ફરિયાદ પક્ષના પુરાવાને ન માનવાને કોઈ કારણ નથી.

૧૭. આમ, ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં, તા.૪–૧૧–૧૫નાં કલાક ૧૭:૧૫ વાગ્યાના સુમારે તા.જિ.નવસારીનાં ઘેલખડી, ભવાનીનગર, અનિલભાઈ કલ્લુભાઈ ભાસ્કરના ઘર પાસે ફરિયાદી હંસાબેનના પતિ મરનાર જયરામભાઈ મેઘજીભાઈ કટારિયાએ આરોપી નં.૧ પાસેથી લીધેલા ઉછીના રૂપિયા સો ની આરોપીઓએ ફરિયાદી તથા મરનાર પાસે ઉઘરાણી કરીને એકબીજાની મદદગારીમાં ઉશ્કેરણીજનક અપશબ્દો બોલી, મરનાર જયરામભાઈને ઢીકમુકકીનો માર મારેલ અને આરોપી નં.૧ નાંએ મરનાર જયરામભાઈનું મોત નિપજાવવાનાં ઈરાદે પેન્ટના ખિસ્સામાંથી દાઢી કરવાની બ્લેડ કાઢી મરનાર જયરામભાઈના ગળાના ડાબી બાજુએ બ્લેડ મારી ગંભીર ઈજા પહોંચાડેલ. જેથી મરનાર જયરામભાઈનુ સારવાર દરમ્યાન મૃત્યુ નિપજેલાનું પુરવાર થાય છે. તે રીતે આરોપી નં.૧નાએ ભારતીય દંડ સંહિતાની કલમ–

૩૦૨, ૩૨૩, ૫૦૪ તથા સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબ શિક્ષા પાત્ર ગુના કરેલ હોઈ, મુદા નં.૨નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે.

૧૮. હવે આ કામમાં આરોપીઓએ મુદામાલના કપડા સળગાવી નાંખી પુરાવાનો નાશ કરેલ છે તે હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે પંચ સુરેશભાઈ બાલુભાઈને આંક: ૪૮થી તપાસી આંક: ૪૯થી અસલ પંચનામું રજૂ કરેલ છે અને સદર પંચનામાંના બીજા પંચ મુકેશભાઈ શંકરભાઈને આંક: ૫૧થી તપાસેલ છે. જો કે આ બંનેય પંચોએ તેમના સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. પરંતુ, પંચનામું કરતી વખતે બ્લેડ બળેલી હાલતમાં મળેલી તે કબજે લીધેલ છે તેની પંચ સ્લીપ આંક: ૫૦થી રજૂ કરેલ છે. હવે ત.ક.અમલદાર–પી.આઈ.શ્રી ડી.એન. પટેલની જુબાનીથીસદર પંચનામું પંચોની હાજરીમાં કરેલુ તેવું જણાવેલ છે. ત્યારે આરોપીઓએ કપડા નાશ કરેલ તે જગ્યાએથી બ્લેડ મળી આવેલી છે, તેથી આરોપીએ આપેલી માહિતી મુજબની જગ્યાએથી મુદામાલ આર્ટિકલ બ્લેડ મળી આવેલ છે. જેથી આરોપીઓએ પુરાવાનો નાશ કરેલાની હકીકતને સમર્થન મળે છે અને તેને નહિ માનવાને કોઈ કારણ નથી. તે રીતે આરોપી નં.૧ નાએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૦૧ તથા સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબ શિક્ષા પાત્ર ગુના કરેલ હોઈ, મુદા નં.૩નો જવાબ

હકારમાં આપવામાં આવેલ છે અને મુદા નં.૪ અંગે નીચે મુજબ હુકમ કરું છું:–

<u>હુકમ</u>

૧. આરોપી નં.૧ પ્રમોદ ઉર્ફે પમલો અમરતભાઈ ધો.પટેલને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૨૩, ૫૦૪ અને ૨૦૧ મુજબનાં ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે. તેથી ગુના સબબ સજા અંગે આરોપીને સાંભળવા જરૂરી હોય, આરોપીને સજા બાબતે સાંભળવા મુલત્વી.

તા.૧લી ઓકટોબર, ૨૦૨૧નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(ભાનુભાઈ નાનજીભાઈ મકવાણા)**
**મુખ્ય સત્ર ન્યાયાધીશ–નવસારી.**
કોડ નં.જીજે૦૦૩૧૯

૧૯. સજા બાબતે આરોપી નં.૧ના વિદ્ધાન વકીલશ્રી બી.જે. મોરાવાલાને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ગુનાનો પ્રકાર જોતાં અને જે પુરાવો પડેલ છે તે જોતાં અને આરોપીની આર્થિક સ્થિતિ તથા તેઓની ઉંમર જોતાં, તેઓની ઉપર રહેમ રાહ રાખવી જોઈએ અને તે મુજબ સજા કરવા અરજ છે.

૨૦. સામા પક્ષે વિદ્ધાન પી.પી.શ્રી ટી.સી. સુળેએ દલીલમાં જણાવેલ છે કે, આ કામે આરોપી નં.૧નાએ સો રૂપિયાની ઉઘરાણી જેવી નજીવી બાબતમાં ખૂન કરેલ છે અને તેઓની સામે ગુનો પુરવાર થયેલ

હોઈ, સખતમાં સખત કેદની સજા કરવી જોઈએ કે જેથી સમાજમાં દાખલો બેસે.

૨૧. બંને પક્ષના વિદ્વાન શ્રીઓને સાંભળ્યા. આ કામે આરોપીને ભા.દં.સં.ની કલમ- ૩૦૨ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવેલ છે અને આરોપીનું આ ગુનાહિત કૃત્ય જોતાં તે અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સામાં પડી શકે તેમ નથી. તેવા સંજોગોમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

<u>હુકમ</u>

૧. આરોપી નં.૧ પ્રમોદ ઉર્ફે પમલો અમરતભાઈ ધો.પટેલ, રહેવાસી- ઘેલખડી, ભીમનગર, કાંતાબેનના ભાડાના મકાનમાં, તા.જિ.નવસારીનાંને નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નં.૯૩/૨૦૧૫નાં કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૦૨ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી આજીવન કેદની સજા અને રૂ.૫,૦૦૦/ - (અંકે રૂપિયા પાંચ હજાર)નો દંડ, દંડ ન ભરે તો વધુ ૧(એક) વર્ષની સખત કેદની સજા, ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૦૧ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી ૩(ત્રણ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર)નો દંડ, દંડ ન ભરે તો વધુ ૬(છ) માસની સખત કેદની સજા, ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૩ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી

૬(છ) માસની સખત કેદની સજા અને રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો)નો દંડ, દંડ ન ભરે તો વધુ ૧(એક) માસની સખત કેદની સજા અને ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૭ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી ૨(બે) વર્ષની સખત કેદની સજા અને રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો)નો દંડ, દંડ ન ભરે તો વધુ ૩(ત્રણ) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. આરોપી નં.૨ મળી આવ્યેથી તેના વિરુધ્ધનો કેસ આગળ ચલાવવાનો હુકમ આંક: ૧૦૧ની અરજી હેઠળ કરેલ હોઈ, આરોપી નં.૨ પૂરતો કેસ બાકી રહેલ છે.

૩. આરોપી નં.૨ સામે કેસ બાકી રહેલ હોવાથી તમામ મુદ્દામાલ યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવો.

૪. આરોપી નં.૧ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૨૮ અન્વયે ન્યાયિક હવાલાત દરમ્યાન ભોગવેલી સજા મજરે આપવી.

૫. આરોપી નં.૧ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૩૬૩(૧) અન્વયે આ ચુકાદાની એક ખરી નકલ વિનામૂલ્યે પૂરી પાડવી.

ચુકાદો આજ તા.૧લી ઓકટોબર, ૨૦૨૧નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ભાનુભાઈ નાનજીભાઈ મકવાણા)**
**મુખ્ય સત્ર ન્યાયાધીશ-નવસારી.**
કોડ નં.જીજે૦૦૩૧૯

સંરદ